


# સત્સંગ વિહાર ચેલેન્જ

**બાળમિત્રો ! જય સ્વામિનારાયણ...**
**શું તમે ઘરમાં બેસીને કંટાળી ગયા છો ?**
**શું તમારે મોજમજા લૂંટવી છે ?**
**શું તમારે ગમ્મત સાથે જ્ઞાન મેળવવું છે ? તો તૈયાર થઈ જાઓ...**
**BAPS બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય દ્વારા તમારી પાસે**
**દર મંગળવાર, ગુરુવાર અને શનિવારે એક આકર્ષક e-magazine આવશે,**
**જેનું નામ છે :**

## '' સત્સંગવિહાર ચેલેન્જ ''

થોડા જ સમયમાં આવતી સત્સંગ વિહાર ભાગ ૩ની પરીક્ષાની તૈયારીના ભાગરૂપે આ મેગેઝીનમાં દરેક પાઠના આધારે તમને વિવિધ ચેલેન્જ મળશે. બાળમિત્રો ! આ ચેલેન્જમાં તમને મજા તો ભરપૂર આવશે, પણ સાથે સાથે તે ચેલેન્જના આધારે પાઠમાંથી યોગ્ય મુદ્દો સમજવાનું ચૂકતા નહીં...

**સત્સંગ વિહાર ભાગ ૩ના પાઠ ૧૨ના આધારે**
**આ રહી તમારી આજની ચેલેન્જ...**



# ૧૨. આવા હતા ભગતજી મહારાજ

**ભગતજી મહારાજ**નું **બાળપણનું નામ પ્રાગજી** હતું. તેમનો **જન્મ મહુવા ગામે** થયો હતો. તેમનાં **માતા**નું નામ **મલુબા** અને **પિતા**નું નામ **ગોવિંદભાઈ** હતું. નાનપણથી જ તેઓ ભગવાનની ભક્તિમાં લીન રહેતા હતા. તેઓ **મિત્રોને** કહેતા, '**હું તો બધું ભણેલો છું.** આપણે તો પ્રભુ ભજવા અને ભજાવવા છે.'

■ ■ ■

ભગતજી મહારાજે **અનેક વર્ષો ગોપાળાનંદ સ્વામીના સત્સંગમાં** વિતાવ્યાં. બાદ કઠોર સાધના કરી અક્ષરબ્રહ્મ **ગુણાતીતાનંદ સ્વામીને ફક્ત સાડા ત્રણ વર્ષમાં રાજી** કરી લીધા. અને અનેક ઉપાધિ વચ્ચે **'ગુણાતીતાનંદ મૂળ અક્ષર'** એ વાતનો સંપ્રદાયમાં **ઉદ્‌ઘોષ** કર્યો.

આ કાર્યમાં તેમને **ઘણાં કષ્ટો અને અપમાનો સહન** કરવાં પડ્યાં હતાં, પણ તેમના મુખની રેખા પણ બદલાઈ ન હતી. આ બાબત તેમની **બ્રહ્મસ્થિતિ** સિદ્ધ કરે છે.

■ ■ ■

વરતાલના કોઠારી ગોરધનભાઈ હતા. તેમના ભત્રીજાનું નામ **ગિરધરભાઈ** હતું. તેમણે **દેહ છતાં બ્રહ્મસ્થિતિ કરવાનો નિશ્ચય** કર્યો હતો. 'વચનામૃત' વાંચતાં તેમને સ્પષ્ટ થયું કે સત્પુરુષ મળે તો બ્રહ્મસ્થિતિ થાય. તેથી તેઓ સત્સંગમાં **સત્પુરુષની શોધ** માટે નીકળ્યા. ઘણા સંતોનો સત્સંગ કર્યો, પણ ક્યાંય તેમનું મન ઠર્યું નહીં.

છેવટે તેઓ **વરતાલ** આવ્યા. **હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સામે એક પગે ઊભા રહી માળા** ફેરવવાની શરૂ કરી. **એક મહિનો** વીતી ગયો ત્યારે હરિકૃષ્ણ મહારાજે **દર્શન** દઈને કહ્યું, '**ભગતજી મહારાજ** પરમ એકાંતિક સત્પુરુષ છે. તેમના **દ્વારા હું સત્સંગમાં પ્રગટ છું**.'

પણ ગિરધરભાઈને **શંકા** થઈ કે 'ભગતજી તો દરજી છે. તેઓ મને બ્રહ્મસ્થિતિ કરાવશે ?' તેથી તેમણે **ફરી એક પગે માળા** ફેરવવાની શરૂ કરી. **ફરી શ્રીજી મહારાજે** દર્શન દઈને **ભગતજી મહારાજની જ વાત કરી**.

ગિરધરભાઈને **પ્રતીતિ** થઈ ગઈ. તેઓએ ભગતજી મહારાજને ગુરુ તરીકે સ્વીકાર્યા. આ ગિરધરભાઈ પછી **દીક્ષા લઈ 'સ્વામી વિજ્ઞાનદાસજી' બન્યા** હતા.

■ ■ ■

કોઠારી ગોરધનભાઈ સાથે મદદનીશ તરીકે **બેચરભગત** કામ કરતા હતા. તેમણે એક વખત ભગતજી મહારાજને **કેડિયું** સીવવા આપ્યું. ભગતજી મહારાજે **માપ લીધા સિવાય એકદમ બંધબેસતું** સુંદર કેડિયું સીવી આપ્યું. એ જોઈ બેચરભગત ખૂબ **રાજી** થયા ત્યારે **ભગતજી મહારાજે કહ્યું**, 'આ તો શરીરનું કેડિયું સીવ્યું છે, પણ મને તો **અંતરનું કેડિયું સીવતાં પણ આવડે છે**.'

**અંતરનું કેડિયું એટલે બ્રહ્મસ્થિતિ.** આજ્ઞા અને ઉપાસના દૃઢ થાય ત્યારે હૃદય શુદ્ધ થાય, બ્રહ્મરૂપ થવાય, અને ત્યારે જ શ્રીજી મહારાજની ભક્તિનો અધિકાર મળે, એ અંતરનું કેડિયું.

આવી વાત સાંભળી **બેચરભગત** ભગતજી મહારાજનો સત્સંગ કરવા માંડ્યા. પછી તો તેઓ **દીક્ષા** લઈ '**સ્વામી મહાપુરુષદાસજી**' થયા.

**આવા હતા ભગતજી મહારાજ !**

**સાક્ષાત્ અક્ષરબ્રહ્મ. પરબ્રહ્મના ધારક અને અનેકને બ્રહ્મસ્થિતિ કરાવનાર.**

■ <u>**પ્રાગજી ભક્તનો ઉપદેશ**</u>

- **ગુરુનું વચન અધ્ધર ઝીલવું**, હેઠું ન પડવા દેવું.
- મુમુક્ષુને તો કાગનિદ્રા અને હરણફડકો (જાગૃતિ) રાખવાં. **સર્વક્રિયામાં ભજનનો આગ્રહ રાખવો.** તો જીવ ધારે તે કરી શકે.
- **બ્રહ્મચર્ય**થી જ ભગવાન વશ થાય છે. પંચ **વિષયો સામે વાઘ જેવા** શૂરવીર થવું. ગરીબ ન થવું.
- શ્રીજી મહારાજ જેવા અક્ષરધામમાં છે, એવા જ અહીં સત્પુરુષમાં મનુષ્યાકારે છે - એમ સમજાશે ત્યારે સર્વ કાર્ય સિદ્ધ થશે. **સત્પુરુષમાં આત્મબુદ્ધિ એ જ કલ્યાણનું અસાધારણ સાધન છે.**



સત્સંગ વિહાર ચેલેન્જ

# પાઠ : ૧૨
# આવા હતા ભગતજી મહારાજ

## ચેલેન્જ ૦૧ “ અધ્ધર ઝીલો...”




**જરૂરી સામગ્રી :** બેટ, બોલ, માર્કર પેન / સ્કેચ પેન.

**કોણ જોડાશે :** ફક્ત તમે.

**રીત :** તમારે બોલ પર માર્કર કે સ્કેચ પેન વડે બાળસભામાં શીખવાડવામાં આવતી ગુરુહરિની મુખ્ય ૮ આજ્ઞાઓમાંથી કોઈ ૧ આજ્ઞા લખવાની છે. હવે એ બોલને હવામાં થોડો ઊંચે ઉછાળવાનો છે. હવામાં ઊછળેલા આ બોલને બેટ દ્વારા તમારે હળવા ફટકા મારી અધ્ધર જ રાખવાનો છે, પણ નીચે પડવા દેવાનો નથી. તો કરો શરુ...
જોઈએ તમે કેટલો સમય બોલ હવામાં રાખી શકો છો !

### મનન

પાઠ ૧૨માં ભગતજી મહારાજે આપેલ ઉપદેશ લખાયેલા છે. તેમાંનો એક ઉપદેશ એટલે ‘ગુરુનું વચન અદ્ધર ઝીલવું, હેઠે ન પડવા દેવું.’ આ ઉપદેશના આધારે ભગતજી મહારાજે ક્યારે ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનું વચન અધ્ધર ઝીલ્યુ, તે તમારે પાઠના આધારે વિચારવાનું છે.

## ચેલેન્જ ૦૨ “ માપ્યા વગર સાચું માપ...”



**જરૂરી સામગ્રી :** કાગળ, પેન, કાતર.

**કોણ જોડાશે :** તમે અને તમારા ભાઈ-બહેન.

**રીત :** તમારે અને તમારા ભાઈ-બહેને તમારા પરિવારના દરેક સભ્યના હાથના પંજાનું માપ લીધા વગર તેમના પંજાનું drawing કાગળ પર કરવાનું છે. આ પંજાને દોર્યા બાદ હવે તમારે તેને વ્યવસ્થિત કાપવાનો છે.
હવે જે સભ્યનો પંજો તમે બનાવ્યો છે તેમની પાસે જઈને તેમનો પંજો ચેક કરવાનો છે. તમે દોરેલ પંજા માટે તે સભ્ય તમને ૫ પોઈન્ટમાંથી યોગ્ય પોઈન્ટ આપશે. જેને જેટલા વધુ પોઈન્ટ મળશે તે વિજેતા !

### મનન

માપ લીધા વગર કાગળ પર પણ પંજો વ્યવસ્થિત દોરવામાં આપણને તકલીફ પડે છે. જ્યારે ભગતજી મહારાજે કથા કરતા કરતા બેચરભાઈને તેમનું માપ લીધા વગર એકદમ વ્યવસ્થિત કેડિયું સીવી આપ્યું હતું.
આ સામાન્ય માણસથી શક્ય જ નથી.

# પાઠ : ૧૨

# આવા હતા ભગતજી મહારાજ

## ચેલેન્જ ૦૩ “ તપ દ્વારા ઓળખાણ... ”



**જરૂરી સામગ્રી :** પરિવારના દરેક સભ્યો માટે માળા, મોબાઈલ.

**કોણ જોડાશે :** પરિવારના દરેક સભ્યો.

**રીત :** તમારા મોબાઈલમાંથી તમને ગમતું એક કીર્તન વગાડવાનું છે. આ કીર્તન જ્યાં સુધી પૂરું ન થાય ત્યાં સુધી તમારે અને તમારા પરિવારના દરેક સભ્યોએ ઘરમંદિરમાં ઠાકોરજીની સામે એક પગે ઊભા રહીને તપની માળા કરવાની છે. જે સૌથી વધુ સમય સુધી એક પગે ઊભા રહી માળા ફેરવશે તે વિજેતા !

### મનન

એક કીર્તન પૂરું થયું ત્યાં સુધી પણ આપણને એક પગે માળા કરવી અઘરી પડી. જ્યારે ગીરધરભાઈએ સત્પુરુષની પ્રાપ્તિ માટે વરતાલમાં સતત ૧ મહિના સુધી તપની માળા કરી હતી ! ત્યારે હરિકૃષ્ણ મહારાજે ગીરધરભાઈને દર્શન આપી કહેલું ‘ભગતજી મહારાજ પ્રગટ સત્પુરુષ છે.’

**બાળમિત્રો, તમે પાઠનું વાંચન પણ કરી લીધું અને એક્ટિવિટી દ્વારા તે પાઠની દ્રઢતા પણ કરી લીધી.**
**હવે, તૈયાર થઈ જાઓ આ પાઠની પરીક્ષા આપવા માટે.**
**નીચે આપેલી લીંક દબાવો અને આ પાઠમાંથી પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપો.**

ગુજરાતી Click Here

English Click Here

**જય સ્વામિનારાયણ**

:: રજૂકર્તા ::
બી.એ.પી.એસ. બાળપ્રવૃતિ મધ્યસ્થ કાર્યાલય, અમદાવાદ.